## બાર ભાવના

અનિત્ય　દ્રવ્ય રૂપ કરિ સર્વ થિર, પરજય થિર હૈ કૌન;
દ્રવ્ય દૃષ્ટિ આપા લખો, પરજય નય કરિ ગૌન.

અશરણ　શુદ્ધાતમ અરુ પંચ ગુરુ, જગમેં સરનૌ દોય;
મોહ ઉદય જિયકે વૃથા, આન કલ્પના હોય.

સંસાર　પર દ્રવ્યનતૈં પ્રીતિ જો, હૈ સંસાર અબોધ;
તાકો ફલ ગતિ ચારમેં, ભ્રમણ કહ્યો શ્રુત શોધ.

એકત્વ　પરમારથ તૈં આતમા, એક રૂપ હી જોય;
કર્મ નિમિત્ત વિકલપ ઘને, તિન નાસે શિવ હોય.

અન્યત્વ　અપને અપને સત્ત્વકૂં, સર્વ વસ્તુ વિલસાય;
ઐસેં ચિતવૈ જીવ તબ, પરતૈં મમત ન થાય.

અશુચિ　નિર્મલ અપની આતમા, દેહ અપાવન ગેહ;
જાનિ ભવ્ય નિજ ભાવકો, યાસોં તજો સનેહ.

આસ્રવ　આતમ કેવલ જ્ઞાનમય, નિશ્ચય-દૃષ્ટિ નિહાર;
સબ વિભાવ પરિણામમય, આસ્રવભાવ વિડાર.

સંવર　નિજસ્વરૂપમેં લીનતા, નિશ્ચય સંવર જાનિ;
સમિતિ ગુપ્તિ સંજમ ધરમ, ધરૈ પાપકી હાનિ.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## બાર ભાવનાઓના અર્થ -

વૈરાગ્ય ઉત્પન્ન થવાના સમયે બાર ભાવનાઓનું ચિંતવન કરનાર જ્ઞાની આત્મા આ રીતે વિચાર કરે છે –

અનિત્ય દ્રવ્યની દૃષ્ટિથી જોવામાં આવે તો આખું જગત સ્થિર છે પણ પર્યાય–દૃષ્ટિથી કોઇ પણ સ્થિર નથી. તેથી પર્યાયાર્થિક નયને ગૌણ કરીને દ્રવ્યદૃષ્ટિથી એક આત્માનો અનુભવ જ કરવા યોગ્ય કાર્ય છે.

અશરણ આ વિશ્વમાં બે જ શરણ છે. નિશ્ચયથી તો નિજ શુદ્ધાત્મા જ શરણ છે અને વ્યવહારનયથી પંચ પરમેષ્ઠી. પણ મોહને લીધે આ જીવ અન્ય પદાર્થોને શરણ માને છે.

સંસાર નિશ્ચયથી પરપદાર્થો પ્રત્યે મોહ–રાગ–દ્વેષ ભાવ જ સંસાર છે. એ જ કારણે જીવ ચારે ગતિઓમાં દુઃખ ભોગવતો થકો ભ્રમણ કરે છે.

એકત્વ નિશ્ચયથી તો આત્મા એક જ્ઞાનસ્વભાવી જ છે. કર્મના નિમિત્તની અપેક્ષાએ કથન કરતાં અનેક વિકલ્પમય પણ તેને કહ્યો છે. આ વિકલ્પોના નાશથી જ મુક્તિ પ્રાપ્ત થાય છે.

અન્યત્વ પ્રત્યેક પદાર્થ પોતપોતાની સત્તામાં જ વિકાસ કરી રહ્યો છે, કોઈ કોઈનો કર્તા–હર્તા નથી. જ્યારે જીવ આમ ચિંતવન કરે છે ત્યારે તેને પર પ્રત્યે મમત્વ થતું નથી.

અશુચિ આ પોતાનો આત્મા તો નિર્મળ છે પણ આ શરીર મહા અપવિત્ર છે, તેથી હે ભવ્ય જીવો! પોતાના સ્વભાવને ઓળખીને આ અપવિત્ર શરીર પ્રત્યેનો સ્નેહ છોડો.

આસ્ત્રવ નિશ્ચયદૃષ્ટિથી જોવામાં આવે તો આત્મા માત્ર જ્ઞાનમય છે. વિભાવભાવરૂપ પરિણામ તો આસ્ત્રવભાવ છે, કે જેનો નાશ કરવા યોગ્ય છે.

સંવર નિશ્ચયથી આત્મસ્વરૂપમાં લીન થઈ જવું તે જ સંવર છે. તેનું કથન સમિતિ, ગુપ્તિ અને સંયમરૂપે કરવામાં આવે છે. જેને ધારણ કરવાથી પાપોનો નાશ થાય છે.

નિર્જરા　　સંવરમય હૈ આત્મા, પૂર્વ કર્મ ઝડ જાય;
　　　　　નિજ સ્વરૂપકો પાયકર, લોક શિખર જબ થાય.

લોક　　　લોક સ્વરૂપ વિચારિકેં, આતમ રૂપ નિહાર;
　　　　　પરમારથ વ્યવહાર ગુણિ, મિથ્યાભાવ નિવારિ.

બોધિદુર્લભ　બોધિ આપકા ભાવ હૈ, નિશ્ચય દુર્લભ નાહિ;
　　　　　ભવમેં પ્રાપતિ કઠિન હૈ, યહ વ્યવહાર કહાહિ.

ધર્મ　　　દર્શજ્ઞાનમય ચેતના, આતમધર્મ બખાનિ;
　　　　　દયાક્ષમાદિક રતનત્રય, યામેં ગર્ભિત જાનિ.

નિર્જરા　　જ્ઞાનસ્વભાવી આત્મા જ સંવર (ધર્મ) મય છે. તેના આશ્રયથી જ પૂર્વોપાર્જિત કર્મોનો નાશ થાય છે અને આ આત્મા પોતાના સ્વભાવને પ્રાપ્ત કરે છે.

લોક　　　લોક (છ દ્રવ્ય) ના સ્વરૂપનો વિચાર કરીને પોતાના આત્મામાં લીન થવું જોઈએ. નિશ્ચય અને વ્યવહારને સારી રીતે જાણીને મિથ્યાત્વભાવોને દૂર કરવા જોઈએ.

બોધિદુર્લભ　જ્ઞાન આત્માનો સ્વભાવ છે, તેથી તે નિશ્ચયથી દુર્લભ નથી. સંસારમાં આત્મજ્ઞાનને દુર્લભ તો વ્યવહાર નયથી કહેવામાં આવ્યું છે.

ધર્મ　　　આત્માનો સ્વભાવ જ્ઞાન-દર્શનમય છે. દયા, ક્ષમા આદિ દસ ધર્મ અને રત્નત્રય બધા એમાં જ સમાઈ જાય છે.

**પ્રશ્ન-**

૧. નીચે લખેલી ભાવનાઓનાં પદ્ય તેના અર્થ સાથે લખો :-
અનિત્ય, એકત્વ, સંવર, બોધિદુર્લભ.

૨. પં. જયચંદજી છાબડાના જીવન અને કવન ઉપર પ્રકાશ ફેંકો.

---